Dr. Babasaheb Ambedkar Open University (Established by Government of Gujarat)
BAOU Education for All
A Refereed and Peer-Reviewed International e-Journal of Humanities and Social Sciences
Website: http://jyotirmay.baou.edu.in/chaitanya/ Email: chaitanya.ejournal@baou.edu.in
|| चैतन्य || CHAITANYA
ISSN: 2582 2802

Year–07, Volume –07, Issue–02, June–2026

# 'પરસ્પર': નિર્મમ સામાજિક વાસ્તવની કથા

– પ્રો. યોગેન્દ્ર પારેખ

**સારાંશ (Abstract):**

પ્રસ્તુત લેખનમાં જિતેન્દ્ર પટેલ રચિત નવલકથા 'પરસ્પર'નું વિવેચનાત્મક મૂલ્યાંકન કર્યું છે. નવલકથામાં સૌરાષ્ટ્રના ગ્રામ્યસમાજમાં પ્રચલિત 'સાટાપદ્ધતિ' અને તેના પરિણામે ઊભી થતી સામાજિક તથા પારિવારિક વિભીષિકાનું આલેખન થયેલું છે. નવલકથાનાં મુખ્ય પાત્રો—અરવિંદ, ચંદ્રિકા, હસમુખ અને વનિતાના પારસ્પરિક સંબંધો, માનસિક સંઘર્ષો અને અનિચ્છાએ સ્વીકારવા પડતા લગ્નજીવનની કરુણતાને કેન્દ્રમાં રાખીને કૃતિની સમીક્ષા કરી છે. કથામાં નિરૂપાયેલી સામાજિક નિર્મમતા અને નારીસંવેદનાના મુદ્દાઓને ઉજાગર કર્યા છે, આ સાથે પાત્રોના મનોવૈજ્ઞાનિક વિકાસ અને ઘટનાક્રમમાં સર્જક દ્વારા કરાયેલી ઉતાવળ અંગે સચોટ દૃષ્ટિકોણ પણ રજૂ કર્યો છે. એકંદરે, આ લેખન દ્વારા સાટાપદ્ધતિના કુરિવાજને કારણે હોમાતી યુવાજિંદગીઓના વાસ્તવને સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં તપાસવાનો એક પ્રયાસ કર્યો છે.

**ચાવીરૂપ શબ્દો (Keywords):** 'પરસ્પર' નવલકથા, જિતેન્દ્ર પટેલ, સાટાપદ્ધતિ, સામાજિક વાસ્તવ, નારીસંવેદના, સાહિત્યિક વિવેચન, ગુજરાતી કથાસાહિત્ય.

---

'પરસ્પર' જિતેન્દ્ર પટેલની લઘુકદની નવલકથા છે. કથાસાહિત્યમાં, વાર્તાસંગ્રહ-નવલકથા સ્વરૂપે તેમનું પ્રદાન જાણીતું છે. 'પરસ્પર' નવલકથાના પ્રારંભે તેઓ 'સ્વકથન' નિમિત્તે સમસ્યાપ્રધાન વિષયવસ્તુની વાત કરે છે. 'કળાપ્રેમી' ભાવક કે સમીક્ષક સ્વકથન વાંચીને નવલકથા વાંચવાનો વિચાર માંડી વાળે એમ બને. આપણી સમીક્ષાદૃષ્ટિ કે ભાવકચેતના અમુક રીતની ધારણાના કારણે બંધિયારપણું અનુભવે છે. સામાજિક સમસ્યાનું વિષયવસ્તુ રસપ્રદ આલેખન પામે છે કે નહીં, એ જોવાની દૃષ્ટિએ નવલકથા વાંચવાનું શરૂ કર્યું અને લગભગ એક જ બેઠકે વાંચી શકાઈ. કથામાં કુતૂહલ, રસ ટકી રહે છે. અસાધારણ નવલકથા લખ્યાનો લેખકનો દાવો નથી અને આખી કથા વાંચ્યા પછી એવી કશી 'અપૂર્વતા' સિદ્ધ થતી નથી છતાં કશુંક લખવાજોગ લાગ્યું તેથી આ લેખની માંડણી કરી છે.

'સ્વકથન'માં લેખક કહે છેઃ 'પાંચેક દાયકા પહેલાં સૌરાષ્ટ્રમાં 'સાટાનું સગપણ' શબ્દ બહુ પ્રચલિત હતો. આજે ફરીથી આ શબ્દ ઉજાગર થઈ રહ્યો છે. એના મૂળમાં છે દીકરીઓની અછત?' લેખકે નવલકથા અર્પણ કરી છેઃ 'ભાઈ માટે ભોગ બનેલી બહેનોને'. નવલકથાની શરૂઆતની આટલી નોંધ વાંચીને ભાવક તરીકે પૂરી સહૃદયતાથી આ કથામાં પ્રવેશ કર્યો. સૌરાષ્ટ્રની ગ્રામીણ સૃષ્ટિ, પાત્રો, માનવસ્વભાવની વિશિષ્ટતા-વિચિત્રતા અને સાટાપદ્ધતિનાં લગ્નના કારણે જન્મતી વિભીષિકાનું ક્રમવર્તી કથન સાદ્યંત જકડી રાખે છે. માણસની વાતમાં રસ હોય તેને વિઘ્ન આવવાનું કોઈ કારણ મળવાનું નથી.

કથા આ મુજબ છેઃ સૌરાષ્ટ્રમાં વાંકાનેરની આસપાસના રાજગઢ અને જાળિયા નામનાં બે ગામના, બે પરિવાર વચ્ચે, તેમનાં સંતાનોનાં સાટાપેટે લગ્ન થાય છે. રાજગઢના સરપંચ પૈસેટકે સુખી છે. પત્ની સમરત, દીકરો અરવિંદ અને દીકરી ચંદ્રિકા છે. જાળિયાના વશરામ પટેલનાં પત્નીનું અવસાન થઈ ચૂક્યું છે. ડોસીમા હજી જીવે છે. દીકરી વનિતા અને પુત્ર હસમુખને પરણાવવાનાં છે. સરપંચ પાસે પૈસો અને પ્રતિષ્ઠા છતાં પરણાવવાલાયક પુત્ર અરવિંદનું ક્યાંય ઠેકાણું પડતું નથી. આખરે, અરવિંદનાં લગ્ન હસમુખની બહેન વનિતા સાથે અને ચંદ્રિકાનાં લગ્ન વનિતાના ભાઈ હસમુખ સાથે થાય છે. બંને પરિવારનો માનમોભો, સામાજિક દરજ્જો જુદો છે. આર્થિક અસમાનતા મુખ્ય છે. વનિતા સરપંચપુત્રને પરણીને સુખી થઈ છે પણ ચંદ્રિકા તો સગાઈ વખતથી જ હસમુખને પરણવામાં અસહમતિ દર્શાવી ચૂકેલી છે. ચંદ્રિકાએ પ્રારંભે જ ના પાડી ત્યારે દવા પીને આપઘાત કરવાના સરપંચના નિષ્ફળ પ્રયત્ને જન્માવેલા ડરને કારણે પરણવા તૈયાર થયેલી ચંદ્રિકા હસમુખને પરણીને સાસરીમાં ઠરીઠામ થતી નથી. પોતપોતાની સાસરીમાં સાટાપેટે પરણીને ગયેલી ચંદ્રિકા અને વનિતાને સાંસારિક અનુકૂળતા ઊભી થાય એવા સંજોગોમાં વ્યાવહારિક વિઘ્નો આવ્યા કરે છે. બંને પરિવારમાં 'રાંધી ખવરાવનાર' તરીકે જ બંને સ્ત્રીપાત્રોને જોવા-પરખવાનું ઉપયોગિતાવાદી પરંપરાગત વલણ તીવ્રતાથી અનુભવાય છે. સાધારણ ઘરમાંથી આવેલી હસમુખની બહેન વનિતા અરવિંદ સાથે ગોઠવાઈ ગઈ છે. વનિતાએ મોટું સમાધાન કરવું પડ્યું નથી. સરપંચના ખાધેપીધે સુખી ઘરમાં પ્રાથમિક દૃષ્ટિએ કોઈ વાંધો નથી એવી વનિતા લૌકિક દૃષ્ટિએ તો, અભાવગ્રસ્ત ઘરમાંથી સુખી ઘરમાં સ્થાયી થઈ ગઈ છે. જે ઘરમાં વનિતા સુખી થઈ છે એ સુખી ઘરમાંથી ચંદ્રિકા 'દુઃખી' થવા વનિતાના ઘરમાં તેના ભાઈ હસમુખને પરણી છે. ચંદ્રિકાની અનિચ્છા છતાં તેણે ભાઈ અરવિંદનું ઘર બંધાય તે માટે હસમુખને પરણવું પડે છે તે અસહ્ય બને છે. સાટાપેટે લગ્ન થવાનાં કારણે વ્યાવહારિક રીતે રોજબરોજના જીવનમાં અનેકવિધ સંઘર્ષોનો સામનો કરવો પડે છે. પુરુષવર્ગ પોતપોતાની દીકરી કે પત્નીને લેવા-મૂકવામાંથી નવરો પડતો નથી. લગ્ન પછી બંને ઘરમાં ધરાઈને ધાન ખાધું હોય એવી કે એક ભાણે શાંતિથી જમ્યા હોય એવી એક ક્ષણ જડતી નથી. માબાપને રાજી રાખવા કમને પરણતી ચંદ્રિકા હોય કે પ્રમાણમાં સુખનો અનુભવ કરતી વનિતા હોય; બંનેની નિરાંતની ચાવી પુરુષવર્ગના હાથમાં છે. અને પ્રાથમિક દૃષ્ટિએ દિશાદોર જેના હાથમાં છે એવા સરપંચ પિતા હોય કે સમાધાનકારી વલણથી જીવતા અરવિંદ-હસમુખ જેવા પતિ હોય; એમને કોઈ વાતે નિરાંત નથી. પારિવારિક શાંતિ કે સુખાકારી માટે સમાધાનમૂલક અભિગમ અપનાવતા સરપંચ કે અરવિંદ-હસમુખ આખરે તો સંજોગોની કઠપૂતળી જેવા લાચાર છે. દરેક પાત્રની સમજદારી-નાસમજદારી કે સામાજિકતાને અહીં લેખકે ખૂબ લાઘવથી સંવાદોથી ઉપસાવી છે. લઘુ કદથી આ કથાને લઘુનવલ તરીકે ઉપસાવવાનો પ્રયોગ લેખકે કર્યો નથી એ મોટું આશ્વાસન છે. હાથવગી જીવનસામગ્રીને અને સમાજજીવનને કથાઘાટ આપવામાં લેખક સફળ થાય છે. સામાજિક પરિસ્થિતિની કે વ્યવહારની જાણકારીને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં લેખક મૂકી શક્યા છે. કથનક્રમને તાર્કિક રીતે રજૂ કરવામાં આવ્યો છે. આ નવલકથાના કલાકીય મૂલ્યાંકનનો ઉપક્રમ અત્રે નથી અને સર્વથા સંભવ પણ નથી.

કથામાં જે છે તે આપણા સમયનું કહો કે આધુનિક માનવસભ્યતાનું નિર્મમ વાસ્તવ છે. પરંપરાગત વ્યવહારજગતમાં પીસાતાં, રહેંસાઈ જતાં કે રોળાઈ જતાં જીવનની આ કરુણ કથનીનું નવલકથા સ્વરૂપમાં આવવું એ આવશ્યક છે અને એ અર્થમાં આ મહત્ત્વની ઘટના છે. પત્ની ચંદ્રિકા દ્વારા સતત અવગણના પામેલો

હસમુખ આખરે તેની સાથે સંવાદ કરે છે. સંવાદથી પ્રશ્નોના સમાધાન તરફ જઈ શકાય છે એવી શૈક્ષણિક માવજત પામેલી માન્યતા અહીં ભોંઠી પડે છે. હસમુખ આખરે એક દિવસ પૂછી બેસે છે કે, 'ચંદી, તું મારાથી નારાજ છે?' અને હૃદયની બારી ખુલે એવો સરળ સંવાદ આખરે તો ચંદ્રિકાના હૃદયમાં રહેલી અવિચળ ગેરસમજનો જ વાહક બને છે. સ્નેહપૂર્વક સંવાદ સાધવા મથતો હસમુખ સંબંધની માવજત કરનારો સંવેદનશીલ લાગે છે. જ્યારે ચંદ્રિકાના હૃદયની કઠોરતા હસમુખને નહીં, બંને પરિવારને અરાજકતામાં ધકેલે છે. વડસાસુ એવા ડોસીનું મૃત્યુ પણ ચંદ્રિકાને માટે માત્ર થોડો સમય 'રાહત' આપનારું બની રહે છે. એ હકીકત પણ આપણા નિર્મમ સામાજિક વાસ્તવનું નિદર્શન છે.

ખુલ્લા મનથી ચંદ્રિકાના મનને જાણવાનો પ્રયાસ કરનાર હસમુખને ચંદ્રિકા તરફથી નકારાત્મક પ્રતિસાદ મળે છે. 'મને કાઢી મૂકી છે' એવું જૂઠાણું ચલાવવાની ચંદ્રિકાની માનસિકતા કે વર્તન પ્રતીતિકર લાગતું નથી. પોતાના જીવન વિશે થોડુંક જુદી રીતે વિચારી શકનાર ચંદ્રિકા પતિ ઉપર તેને કાઢી મૂકવાનું આળ નાખે છે એ વધારે પડતું લાગે છે. કોઈ પણ ભોગે દુઃખી થવાનું નક્કી કરીને જીવતી નાયિકાના વાણી-વર્તનનો દોર સર્જકના હાથમાંથી છૂટી ગયેલો છે. એ રીતે જ સંયમ અને ધીરજની મૂર્તિ જેવો લાગતો હસમુખ તેની બહેન વનિતા માટે કાયમ માટે ઘરના દરવાજા બંધ કરી દે છે એ પણ પ્રતીતિયોગ્ય લાગતું નથી. વનિતા પ્રત્યે સંતોષ અનુભવતો અરવિંદ બહેન ચંદ્રિકા સાથે અસહજ લાગે છે. અરવિંદની જનેતા સરપંચની પત્ની સમરતનું વર્તન પણ અસાધારણ વળાંક લે છે. ગામડાની સ્ત્રી દીકરા માટે થઈને સમાધાન કરી લે એવું સામાન્ય રીતે જોવા મળતું હોય છે, પરંતુ અહીં પરિસ્થિતિ જુદી છે.

પ્રસંગોપાત પિયર જવાની ઘટનામાંથી જન્મતો સંઘર્ષ સ્વાભાવિક રીતે આલેખાયો છે. પરસ્પર સાટાપદ્ધતિએ પરણેલી નાયિકાઓ પૈકી એકનું પિયર જવાનું થાય ત્યારે બીજીના મનમાં ચાલતી ગણતરી અને સ્વાર્થમૂલક સરખામણીઓનો ઘટનાક્રમ સંબંધને ખોરવી નાખે છે. ભાઈ અરવિંદને પરણવા માટે થઈને વનિતાના ભાઈ હસમુખને પરણવું પડે એ સ્થિતિ ચંદ્રિકા માટે અસહ્ય બને છે. ચંદ્રિકા હોય કે વનિતા; જીવનસાથીની પસંદગીનું સ્વાતંત્ર્ય અહીં કલ્પી શકાય તેમ નથી. સંજોગવશાત્ થયેલાં લગ્નને નિભાવી લેવા જેવી પરંપરાગત સમજણ કે ધીરજનો ચંદ્રિકાના પાત્રમાં સદંતર અભાવ છે એવી સ્થૂળ પરિસ્થિતિ આખરે તો સ્થૂળ અર્થઘટનથી ચલાવી લેવા જેવી નથી. ચંદ્રિકા માટે પરિસ્થિતિ અને પતિ બંને તેની પસંદગીના નથી એટલું કારણ તેને આપઘાત કરવા સુધી દોરી જાય છે. ચંદ્રિકાના આપઘાત બાદ તેના માતા-પિતા કે ભાઈની રાહ જોયા વગર અંતિમક્રિયા કરી નાખવાની ઉતાવળ પણ પ્રતીતિયોગ્ય જણાતી નથી. પ્રમાણમાં સરળ અને સાદા જણાતા ચંદ્રિકાના શ્વસુર કે પતિની ઉતાવળને વાજબી ઠેરવે એવી એક પણ વાત અહીં પ્રગટ નથી થઈ. ચંદ્રિકાના આપઘાત બાદ સાસુ સમરત દ્વારા અવહેલના પામતી વનિતાને તેનો પતિ અરવિંદ થોડા દિવસ પિયર જવાની સલાહ આપે છે. પિતૃગૃહે નિરાંત પામવા આવેલી વનિતાનો ભાઈ, બહેન માટે ઘરના દરવાજા બંધ કરીને બેઠો છે. કોઈ વાંક-ગુના વગર જાકારો પામેલી વનિતા પણ મોતને વહાલું કરે છે.

કલ્પેશ પટેલે નોંધ્યું છે કે: 'મૂળે આ કથાના કેન્દ્રમાં નારી હોવા છતાં પુરુષપાત્રો અહીં ખલનાયક સ્વરૂપે નિરૂપાયાં નથી.' (*પરસ્પર.* પૃષ્ઠ-140) અહીં સમીક્ષકની પૂર્વધારણા પણ કેટલી સજ્જડ છે કે આ પ્રકારની નવલકથામાં પુરુષપાત્રો ખલનાયક જ હોય. સાટાપદ્ધતિએ પરસ્પર પરણેલાં ચારેય પાત્રો પૈકી એકનો જ તીવ્ર

અસંતોષ તે પાત્રને ખલનાયિકા જેવું વર્તન કરવા પ્રેરે છે. ચંદ્રિકાને ભાભીના ભાઈ સાથે પરણવું પડે એ પસંદ નથી અને તેથી તેનું વર્તન, વાણી અને વ્યવહાર અસાધારણ પ્રતિક્રિયા દાખવે છે. જે પ્રકારના સામાજિક માળખામાંથી ચંદ્રિકા આવી છે તેમાં સંજોગો સાથે સમાધાનકારી વલણ અપેક્ષિત હોય તેના બદલે આત્મઘાતી પગલું ભરવા સુધીનું તેનું વર્તન ભાવક માટે અસહ્ય બને છે તેથી ચંદ્રિકા કથાના કોઈ પણ સ્તરે ભાવકની સહાનુભૂતિ પામતી નથી. ચંદ્રિકાને આપઘાત માટે પ્રેરે તેવી એક પણ ઘટના તેની સાથે બની નથી તેથી 'બન્યું તે ન્યાય'ની ભૂમિકાએ ચંદ્રિકાનો આપઘાત કોઈને બહુ દુઃખી ન કરે તો નવાઈ નહીં! બીજી બાજુ; ચંદ્રિકાની ભાભી તરીકે, અરવિંદની પત્ની વનિતાને વગર વાંકે મોત વહાલું કરવું પડે એવી પરિસ્થિતિનું નિર્માણ કરવામાં લેખકની 'ઉતાવળ' પ્રતીતિયોગ્ય લાગતી નથી. એ અર્થમાં સમાજશાસ્ત્ર ઠીક નિરૂપાયું છે પણ માનવવર્તનના અભ્યાસીએ અહીં નિરાશ થવું પડે એવી વિપરીતતા લેખકે આલેખી છે.

'પરસ્પર'નું જીવતર આખરે મરણોન્મુખ બને છે. પાત્રોની કે પરિસ્થિતિની સંકુલતાને પ્રતીતિયોગ્ય મનોવૈજ્ઞાનિક માવજત મળી નથી. પાત્રો નિરંકુશ રીતે કથાલેખકને દોરવે છે. સાટાપદ્ધતિએ થતાં લગ્નોમાં આવી ઘટનાઓ બનતી હશે એ વાત સમજવા જેવી છે. આ પ્રકારની દારુણ સામાજિક નિર્મમતા નવલકથાનો વિષય બને ત્યારે નિરૂપણરીતિ, રચનાપ્રયુક્તિ અને સર્જકભાષા જેવાં સ્થૂળ-સૂક્ષ્મ કથાઘટકોનું સંતુલિત સંયોજન આવશ્યક છે. આ નવલકથાનું વિષયવસ્તુ ઘણી સંભાવના જગાડે છે. 'હવે શું થશે?' પ્રશ્નનો જવાબ શોધવા પ્રવૃત્ત થયેલું મન એક જ બેઠકે વાંચીને સમાપન સુધી પહોંચી જાય એવી અને એટલી સફળતા પર્યાપ્ત નથી.
એકંદરે 'પરસ્પર' સાટાપદ્ધતિએ થતા લગ્ન પાછળની વિભીષિકાનું નિદર્શન છે. સમાજ સામે આયનો ધરનારી કથા છે. એકવીસમી સદીના સંતાનો સાટાપેટે પરણવા તૈયાર થઈ જાય પછી જીવનનો બોજ વેંઢારતા રહે કે જીવનનો અંત લાવી દે એવી ભયાવહ વાસ્તવિકતા સાંપ્રત સમયમાં લુપ્ત નથી થઈ. સામસામે - બે ભાઈ અને બે બહેન - પરસ્પર ગોઠવાયાં હોય ત્યારે કોઈ એકનો સંતોષ કે આક્રોશ જીવતરની ઘાણી કરી નાખે. બે પરિવારની પ્રતિષ્ઠા અને ચાર જણની જિંદગીને કાળની કસોટીએ ચડવું પડે એવી હકીકતને સામાજિક સમસ્યા તરીકે ભાવક સમક્ષ નવલકથા સ્વરૂપે મૂકવાનું સાહસ કાંઈક અંશે સફળ થયું છે. એક પછી એક ઘટનાક્રમને લેખકે સુપેરે પાર પાડ્યો છે. પરિસ્થિતિની સંકુલતાને વધારે સૂક્ષ્મ રીતે નિરૂપવાની અનેકવિધ ક્ષમતાઓ અહીં જોઈ શકાય છે. અહીં રજૂ થયેલી સમસ્યા અને સમાજ હજી આપણી વચ્ચે એકવીસમી સદીમાં પણ આ રીતે જ જીવે છે એ વાસ્તવ કોઈ પણ સંવેદનશીલ ભાવકને પીડા જન્માવે એવી રીતે લેખક પરિચય કરાવી શક્યા છે. લોકજીવનમાં આવી તો કેટલીયે વાતો ધરબાયેલી છે. પન્નાલાલ ગોત્રની થવા મથતી 'પરસ્પર' જેવી બીજી કથાઓ જિતેન્દ્ર પટેલ પાસેથી મળે એવી અપેક્ષા વધુ પડતી નથી.

### સંદર્ભસૂચિ:


- પટેલ, જિતેન્દ્ર. *પરસ્પર*. પાર્શ્વ પ્રકાશન, 2010.
- પટેલ, કલ્પેશ. *પરસ્પર* વિશે. ('પરસ્પર': જરઠ વ્યવસ્થા સામે લાચાર માનવી), પાર્શ્વ પ્રકાશન, 2010.



**પ્રો. યોગેન્દ્ર પારેખ,** નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ,

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**E-mail:** yogendra.parekh@baou.edu.in